| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯/૧૦/૨૦૨૨ |
| નોંધણી તારીખ | ૧૯/૧૦/૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સમય ગાળો ૦૩ વર્ષ, ૦૯ માસ, ૨૦દિવસ | |

**બાવળાના મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા.બાવળા,જી અમદાવાદ**

**ક્રિમીનલ કેસ.નં.૧૧૦૨/૨૦૨૨**

**આંક:–૩૫**

**ફરીયાદી :– સરકારશ્રી.**

**વિરૂધ્ધ**

**આરોપી :– સબુરભાઈ શંભુભાઈ સોલંકી**
**રહે. રાણેસર, ગામ નવાપરા, તા.બાવળા,**
**જી.અમદાવાદ.**

**ગુનો :– <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબ</u>**

------------------------------------

ફરિયાદી તરફે વિ. એ.પી.પી.શ્રી : એસ.વી.રાણા
આરોપી તરફે વિ.વ.શ્રી : કે.પી.વાઘેલા

------------------------------------

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) આ કામે ફરિયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૩૦/૧૧/૨૦૨૧ ના કલાક–૧૫/૦૦ વાગ્યે મોજે બાવળા–બગોદરા હાઈવે, કલ્યાણગઢ ગામના પાટીયા નજીક રોડ ઉપર, આ કામના આરોપીએ પોતાના કબજા હવાલા વાળું આઈસર નં.GJ–38–T–3775 નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર પોતાની આગળ જતા હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં.GJ–13–AC–7299 ની ઓવરટેક દરમ્યાન કાવુ મારી ટક્કર મારી એક્સીડેન્ટ કરી બાઈક પાછળ બેઠેલ સા.સલોનીબેન ડો/ઓ સિનેશભાઈ શાહ ઉ.વ.૨૩ રહે.૪, ભગવતી કૃપા શારદા સોસાયટી સામે.

મોડેલા ઈન્ડસ્ટ્રીયલ જીંતાન રોડ સુરેન્દ્રનગર નાઓને શરીરે ગંભીર ઈજા કરી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા ફરી.ને શરીરે નાની મોટી ઈજા કરી પોતાનું આઇસર લઇ નાસી જઇ ગુનો ફરિયાદ થતા તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના અંતે હાલના કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ) ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવેલ. આરોપીને કોર્ટનો સમન્સ બજી જતાં આરોપી ના.કોર્ટ સમક્ષ હાજર થયેલ છે તથા આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૫ થી આરોપીનું ગુના અંગેનું નિવેદન લેવામાં આવતાં તેમણે ગુનો કબુલ કરેલ નથી, જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદી પક્ષ તરફે તેઓનો કેસ તેઓએ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે, અને સદર કામ ફરિયાદીના પુરાવાના સ્ટેજે હોય ફરિયાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજ પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

**–:: મૌખિક પુરાવા::–**

| અ.નં. | વિગત | આંક | સાંક્ષીની વિગત |
|---|---|---|---|
| ૧. | નિસર્ગ સીનેશભાઇ શાહની જુબાની | ૦૬ | ફરિયાદી |
| ૨. | શૈલેષભાઇ રજનીકાંન્તભાઇ શાહની જુબાની | ૧૧ | સાહેદ |
| ૩. | રાજેશ્રીબેન શૈલેષભાઇ શાહની જુબાની | ૧૨ | સાહેદ |
| ૪. | નીલેશભાઇ રજનીકાંત શાહની જુબાની | ૧૫ | સાહેદ |
| ૫. | મનનભાઇ નીલેશકુમાર શાહની જુબાની | ૧૬ | સાહેદ |
| ૬. | દીનેશભાઇ ધીરૂભાઇ સોલંકીની જુબાની | ૨૯ | ત.ક.અ. |

**–:: દસ્તાવેજી પુરાવા::–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૭ |
| ૨. | ગુનાવાળી જગ્યાના પંચનામું | ૩૦ |

| | | |
|---|---|---|
| ૩. | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૩૧ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામું | ૩૨ |
| ૫. | મરણોતર તપાસ સારૂ મોકલેલ રીપોર્ટ | ૩૩ |
| ૬. | પી.એમ.રીપોર્ટ | ૩૪ |

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો મૌખિક રીતે પુરો થયાનું જાહેર કર્યા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ –૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ જણાવેલ છે કે, ફરિયાદપક્ષનો પુરાવો ખોટો છે અને બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી કે, સોગંદ પરની જુબાની આપેલી નથી અને વિશષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ વિરૂદ્ધ ખોટી ફરિયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો વિસ્તૃતમાં સાંભળવામાં આવેલ છે.

(૫) સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**<u>–::મુદ્દાઓ::–</u>**

૧. શું ફરિયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૩૦/૧૧/૨૦૨૧ ના કલાક–૧૫/૦૦ વાગ્યે મોજે બાવળા–બગોદરા હાઈવે, કલ્યાણગઢ ગામના પાટીયા નજીક રોડ ઉપર, આ કામના આરોપીએ પોતાના કબજા હવાલા વાળું આઈસર નં.GJ–38–T–3775 નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર પોતાની આગળ જતા હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં.GJ–13–AC–7299 ની ઓવરટેક દરમ્યાન કાવુ મારી ટક્કર મારી એક્સીડેન્ટ કરી બાઈક પાછળ બેઠેલ સા.સલોનીબેન ડો/ઓ સિનેશભાઈ શાહ ઉ.વ.૨૩ રહે.૪, ભગવતી કૃપા શારદા સોસાયટી સામે. મોડેલા ઈન્ડસ્ટ્રીયલ જીંતાન રોડ સુરેન્દ્રનગર નાઓને શરીરે ગંભીર ઈજા કરી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા ફરી.ને શરીરે નાની મોટી

ઈજા કરી પોતાનું આઈસર લઈ નાસી જઈ ગુનો ફરિયાદ થતા તપાસ કરનાર અધિકારી દ્ધારા તપાસના અંતે હાલના કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબના છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા</u>**

(૭) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુન્હામાં આરોપી વિરૂધ્ધનો આક્ષપાયેલ ગુન્હો નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલો છે.

(૮) ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે આ કામની ફરિયાદ જેને આપેલ છે. તેવા મહત્વના ફરિયાદીને આ કામે આંક–૦૬ થી ફરિયાદી નિસર્ગ સીનેશભાઈ શાહને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓનું સાચું નામ નિસર્ગ છે. પરંતુ પોલીસની ફરિયાદમાં ભૂલથી મારું નામ નિશર લખાઈ ગયેલ છે અને તેઓ તે જ વ્યકિત છું. બનાવ તા.૩૦–૧૧–૨૦૨૧ નાં રોજ બનેલો. બનાવના દિવસે તેઓ તથા તેઓના બેન સલોની સીનેશભાઈ ઉ.વ.૨૨ નાઓ એમ તેઓ બંને તેમના પપ્પા સીનેશભાઈના નામનું બાઈક નં જીજે ૧૩, એસી–

૭૨૯૯ નું લઈને સવારે દસેક વાગ્યે અમદાવાદથી નીકળેલા અને તે વખતે બાઈક તેઓ ચલાવતા હતા અને તેઓની બેન તેમના પાછળ બેઠેલા હતા. તેઓ તે દિવસે બાવળા બગોદરા હાઈ–વે રોડ ઉપરથી નીકળેલા તેઓ તેમનું બાઈક રોડની ડાબી સાઈડે સામાન્ય ગતિએ ચલાવીને જતા હતા તે વખતે કલ્યાગણગઢના પાટીયા પાસે પહોંચેલા ત્યારે તેઓની જમણી સાઈડથી પાછળના ભાગેથી એક આઈશર ગાડી મધ્યમ ગતિએ આવેલી અને તેના ડ્રાઈવરે ડાબી બાજુએ તેઓની સાઈડે કાવો મારતાં આઈશર ગાડીની ટકકર તેઓની બાઈક સાથે વાગતાં તેઓ તથા તેમના બેન બાઈક સાથે નીચે પડી ગયેલા અને બાઈકની સાથે તેઓ રોડ ઉપર થોડા ઘસડાયેલા. અકસ્માતમાં તેઓને માથામાં પાછળના ભાગે વાગેલું અને થોડું હાથ ઉપર વાગતાં તરત જ તેઓ બેભાન થઈ ગયેલ અને તેઓ આશરે દસેક મીનીટ પછી ભાનમાં આવેલ અને જોયેલ તો તેઓની બેન સ્કુટર પાસે બેભાન પડેલા હતા અને ત્યારે ઘણાં માણસો ભેગા થઈ ગયેલા હતા. તેઓ જયારે ભાનમાં આવ્યો ત્યારે તેઓને અકસ્માત કરનાર આઈશર સ્થળ ઉપર પડેલી હતી. તેઓએ આઈશરના નંબર જોયેલા તો જીજે.૩૮. ટી– ૩૭૭૫ નો હતો. ઘણા બધા માણસો ભેગા થઈ જતાં આઈશરનો ચાલક ત્યાંથી નાશી ગયેલો. તેઓના બેનને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી હતી અને તેને નાકમાંથી અને મોઢામાંથી લોહી નીકળતું હતું. ત્યારબાદ કોઈએ ૧૦૮ ને ફોન કરતાં ૧૦૮ એમ્બયુ. આવી ગયેલ અને તેઓને સી.એચ.સી. બગોદરા ખાતે લઈ ગયેલ. ત્યાં હાજર ડોકટરે તેઓના બેનને મૃત જાહેર કરેલા અને માથામાં ઈજા થયેલી હોઈ માથામાં પાટો બાંધીને તેઓની સારવાર કરેલી. ત્યારબાદ તેઓએ બીજી કોઈ વધુ સારવાર કરાવેલી નહિ. બનાવ સમયે અકસ્માત કરનાર આઈશરના ડ્રાઈવરને જોયેલો ન હતા. બનાવ અંગેની ફરિયાદ તેઓએ બગોદરા પોલીસ સ્ટેશનમાં આપેલી. જે ફરિયાદ તેઓને બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે. જેને આ કામે આંક–૦૭ આપવામાં આવે છે.

આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદરહું ફરિયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ બી.કોમ સુધી અભ્યાસ કરેલો છે. તેઓને ટ્રાફિકના નિયમો અંગે ખબર પડે, બાવળા બગોદરા હાઈ–વે છ માર્ગીય નેશનલ હાઈ–વે છે, આ હાઈ–વે નેશનલ હાઈ–વે હોવાથી વાહનોની

સતત અવર જવર રહેતી હોય છે. સામાન્ય રીતે ડિવાઈડરને અડીને એક નંબરની લાઈન ઉપર સ્પીડથી વાહનો જતા હોય છે તથા બે નંબરની લાઈન ઉપર સામાન્ય ગતિ વાળા વાહનો જતા હોય છે તથા ત્રણ નંબરની લાઈન ઉપર નાના વાહનો જતા હોય છે, ટ્રાફિકના નિયમ મુજબ હાઈ–વે રોડ ઉપર હેલ્મેટ પહેરવું ફરજીયાત છે, તેઓએ હેલ્મેટ પહેરેલું નહિ, તેઓ બાઈક લઈને જતા હતા જેથી પાછળથી કોઈ વાહન કેટલી સ્પીડમાં આવે છે તે ખબર ના પડે, અકસ્માત થયો ત્યારે તેઓ નીચે પડી ગયેલ અને બેભાન થઈ ગયેલ, તેઓ ભાનમાં આવ્યા બાદમાં માણસો ભેગા થયા બાદ ગાડી જતી રહેલી, તેઓએ તેમની ફરિયાદમાં પણ કોઈ આરોપીનું નામ કે વર્ણન જણાવેલ નથી.

ત્યાર બાદ આ કામે આંક–૧૧ થી સાહેદ શૈલેષભાઈ રજનીકાન્ત શાહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે પોણા બે વર્ષ પહેલા બનેલો. તેઓ તેમની નોકરી પર હતા. તેઓને તેમના મોટા ભાઈ નીલેષભાઈ રજનીકાન્તભાઈ શાહનો ફોન આવેલો. તેમણે જણાવેલુ કે, "શીનેશભાઈ ની બેબી સલોનીનુ એકસીડેન્ટ થયુ છે." તેથી તેઓ, તેમના પત્નિ રાજેશ્રીબેન, અને નીલેષભાઈ શાહ, મનન નીલેષભાઈ શાહ એમ તેઓ ચારેય જણા પ્રાઈવેટ ગાડી લઈને સરકારી દવાખાને ગયેલ. હોસ્પીટલ ગયા ત્યારે તેઓના ભાઈ શીનેશભાઈ તેમના પત્નિ જયોતીબેન તથા નીસર્ગભાઈ હાજર હતા. તેઓ ત્યાં ગયાં ત્યારે સલોનીબેન શીનેશભાઈ ગુજરી ગયેલ હતા અને તેમની લાશ તેઓને બતાવેલી. તેઓની ઉપર જયારે ફોન આવેલ ત્યારે નીલેષભાઈએ તેઓને જણાવેલુ કે, "આઈશર ટ્રકે નીસર્ગભાઈ અને સલોનીની બાઈકને ટકકર મારેલ છે. આઈશરનો નંબર હુ જાણતો નથી." આ સિવાય બીજુ કઈ જાણતા નથી. બનાવ સદર્ભ માં પોલીસે તેઓનું નિવેદન લીધેલુ.

આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવની જાણ તેઓને ફોન દવારા થયેલી, બનાવ તેઓએ નજરે નહી જોયેલ હોવાથી તેઓને તેની કોઈ જાત માહીતી નથી, બનાવ કોની બેદરકારીથી બનેલો તેની પણ તેમને ખબર નથી.

ત્યાર બાદ આ કામે આંક–૧૨ થી સાહેદ રાજેશ્રીબેન શૈલેષભાઈ શાહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદ પોતાની સરતપાસમાં

જણાવે છે કે, તેઓ તેમના ઘરે હતા. તેઓના પતિ ઉપર તેમના જેઠ નીલેષભાઈ રજનીકાન્તભાઈશાહ નો ફોન આવેલો. તેમણે જણાવેલુ કે, "શીનેશભાઈ ની બેબી સલોનીનુ એકસીડેન્ટ થયુ છે. બાવળા અને બગોદરાની વચ્ચે એકસીડન્ટ થયેલ છે." તેથી તેઓ, તેમના પતિ અને નીલેષભાઈ શાહ, મનન નીલેષભાઈ શાહ એમ તેઓ ચારેય જણા પ્રાઈવેટ ગાડી લઈને સરકારી દવાખાને ગયેલ. હોસ્પીટલ ગયા ત્યારે તેઓના ભાઈ શીનેશભાઈ તેમના પત્નિ જયોતીબેન તથા નીસર્ગભાઈ હાજર હતા. તેઓ ત્યા ગયા ત્યારે સલોનીબેન શીનેશભાઈ ગુજરી ગયેલ હતા અને તેમની લાશ તેઓને બતાવેલી. તેઓના પતિ ઉપર જયારે ફોન આવેલ ત્યારે નીલેષભાઈ એ તેમને જણાવેલુ કે, "આઈશર ટ્રકે નીસર્ગભાઈ અને સલોનીની બાઈકને ટકકર મારેલ છે." આઈશરનો નંબર તેઓ જાણતા નથી. આ સિવાય બીજુ કઈ જાણતા નથી.

આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવની જાણ તેમના પતિને ફોન દ્વારા થયેલી, બનાવ તેઓએ નજરે નહી જોયેલ હોવાથી તેઓને તેની કોઈ જાત માહીતી નથી.

ત્યાર બાદ આ કામે આંક–૧૫ થી સાહેદ નીલેશભાઇ રજનીકાન્ત શાહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે કે, આ કામમાં મરણ જનાર સલોની બેન તેઓાન કાકાના દીકરા સિનેશભાઈના દીકરી થતા હતા સલોનીનો અકસ્માત તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ થયેલો બનાવ બન્યો ત્યારે તેઓ તેમના ઘરે સુરેન્દ્રનગર હાજર હતા. ત્યારે તેઓને સિનેશભાઈનો ફોન આવેલો કે, સલોની અને નિસર્ગ બંને જણા બાઈક ઉપર અમદાવાદથી સુરેન્દ્રનગર આવતા હતા ત્યારે તેઓનો બગોદરા પાસે એક આઈશરવાળા સાથે અકસ્માત થયેલો છે. આઈશર બાઈક સાથે ભટકાયેલી એટલે અકસ્માત થયેલો તેવુ તેમણે જાણેલુ. અકસ્માતમાં બંને જણાને ઈજાઓ થયેલી. બંને જણાને બગોદરા સરકારી હોસ્પીટલે સારવાર માટે લઈ ગયેલા. જ્યાં ફરજ પરના ડોક્ટરે સલોનીને મૃત જાહેર કરેલી. બનાવની જાણ થતા તેઓ તથા તેમનો દીકરો મનન તથા તેઓનો ભાઈ શૈલેશ અને તેની પત્નિ રાજશ્રી સરકારી દવાખાને આવેલા. અકસ્માતમાં કયા

વાહનની બેદરકારી હતી તેવી તેમને કોઈ વાત કરેલ નહી. તેઓ બનાવમાં સંડોવાયેલ આઈશર ટ્રકના નં. જાણતા નથી કે તેના ડ્રાઈવરને જોયે ઓળખી શકે નહી.

સદર સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન આપતા ન હોય તેમને હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેમણે કહેલ સરતપાસની હકીકતોને વળગી રહેલ છે અને ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવની જાણ તેઓને ફોન મારફતે થયેલી બનાવ કઈ રીતે બનેલો તેની કોઈ જાત માહીતી તેમને નથી.

ત્યાર બાદ આ કામે આંક-૧૬ થી સાહેદ મનનભાઇ નીલેશભાઇ શાહને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે કે, આ કામમાં મરણ જનાર સલોનીબેન તેઓના કાકા સિનેશભાઈના દીકરી થતા હતા. સલોનીનો અકસ્માત તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ થયેલો બનાવ બન્યો. ત્યારે તેઓ તેમના ઘરે સુરેન્દ્રનગર હાજર હતા. ત્યારે તેઓના પપ્પા નિલેશભાઈ ઉપર તેઓના કાકા સિનેશભાઈનો ફોન આવેલો કે, સલોની અને નિસર્ગ બન્ને જણા બાઈક ઉપર અમદાવાદથી સુરેન્દ્રનગર આવતા હતા ત્યારે તેઓનો બગોદરા પાસે એક આઈશરવાળા સાથે અકસ્માત થયેલો છે. આઈશર બાઈક સાથે ભટકાયેલી એટલે અકસ્માત થયેલો તેવુ તેઓએ જાણેલુ. અકસ્માતમાં બંને જણાને ઈજાઓ થયેલી. બંને જણાને બગોદરા સરકારી હોસ્પીટલે સારવાર માટે લઈ ગયેલા. જ્યાં ફરજ પરના ડોક્ટરે સલોનીને મ્રુત જાહેર કરેલી. બનાવની જાણ થતા તેઓ તથા તેઓના પપ્પા તથા તેઓના કાકા શૈલેશભાઈ અને તેની પત્નિ કાકી રાજશ્રીબેન સરકારી દવાખાને આવેલા. અકસ્માતમાં કયા વાહનની બેદરકારી હતી તે અંગ નિસર્ગને પુછતા નસર્ગે કહેલુ કે, આઈશર ગાડી આગળ જતિ હતી તેના ચાલકે ડાભી બાજુ કાવો મારતા અકસ્માત થયેલો. તેઓ બનાવમાં સંડોવાયેલ આઈશર ટ્રકના નંબર જાણતો નથી કે તેના ડ્રાઈવર ને જોયે ઓળખી શકે નહી.

સદર સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન આપતા ન હોય તેમને

હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેમણે કહેલ સરતપાસની હકીકતોને વળગી રહેલ છે અને ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નહી હોવાથી બનાવની કોઈ જાત માહીતી નથી, બનાવની જાણ તેઓને તેમના પીતાજી ઉપર ફોન આવવાથી થયેલી.

ત્યાર બાદ આ કામે આંક–૨૯ થી ત.ક.અ દીનેશભાઈ ધીરૂભાઈ સોલંકીને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદ પોતાની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૨૧ની સાલમાં તેઓ બગોદરા પોસ્ટે ખાતે હે.કો તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તેમની ફરજ ઉપર હાજર હતો ત્યારે તેઓને તેમના પોસ્ટે ના પી.એસ.ઓ નાઓએ ફરિયાદ અંગેની તપાસ તેઓને સોપેલી જેથી તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા તેમજ આરોપીને અટક કરી આગળની કાર્યવાહી તેઓએ કરેલી. આ કામની ફરીયાદ તેઓના રૂબરૂમાં થયેલ છે. તેઓને આંક–૦૭ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જ છે. આ કામે તેઓએ પંચનામા કરેલ છે. જે તેઓને નામ.કોર્ટના રેકર્ડમાંથી બતાવવામાં આવે છે. તે જ છે. તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામું પણ તેઓના રૂબરૂ કરવામાં આવેલ છે જેમાં બે પંચો ની તથા રૂબરૂમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. જેને આંક–૩૦ આપવામાં આવે છે. આ પંચનામામાં એક બાઈક મળી આવેલ જેના રજી નંબર– જી. જે–૧૩–એસી–૭૨૯૯ નો છે. તેમજ બનાવ વાળી જગ્યા પર જોતા રોડ ઉપર અડધો કુટ ઘેરાવમાં બોડી જોવા મળેલ અને તેમાં બીજા કોઈ ગુના ને લગતા નીશાનો જોવા મળેલ નહી. સદર રોડ ઉપર વાહનના કોઈ સ્પેરપાર્ટ કે બીજા કોઈ નીશાનો મળી આવેલ નહી. સદર જગ્યાએ રોડની ડાબી બાજુએ અકસ્માત થયેલ હાલતમાં એક બાઈક પડેલ હોય જે હીરા હોન્ડા કંપનીનુ સ્પેલેન્ડર જણાય છે. જેના રજી નંબર ઉપરોકત જણાયેલ છે તે જ છે. આ બાઈકના આગળના ભાગે જોતા ડાબી બાજુએ ઘસાંઈ જવાના લીસોટા પડી ગયેલ છે. ડાબી બાજુનુ ઘસાઈ ગયેલ છે તથા તેની સાઈડ લાઈટ પણ ઘસાઈ ગયેલ છે તેમજ ટુટીને લટકી ગયા છે. બાઈકની જમણી બાજુ હેન્ડલનું રબર ટુટી ગયેલ

છે. તેમજ ડાબી બાજુ રુફ ઘસાઈને વળી ગયેલ છે. તેમજ આજુબાજુ તપાસ કરતા અકરમાતમાં સંડોવાયેલ આઈસર મળી આવેલ નહી. તેમજ કોઈ ચીજ વસ્તુ કબ્જે કરેલ નથી. જે અંગેનુ પંચનામુ કલાક ૧૫/૪૫થી ૧૬/૪૫ સુધીનુ તા: ૩૦/૧૧ /૨૦૨૧ના રોજ તેઓએ કરેલ છે. તથા આ કામે સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના નોંધી લીધેલા.

આ કામે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદરહું સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓને તપાસ મળતા તેઓ સદર બનાવની ફરીયાદ વાંચેલી, બનાવ સ્થળએ નેશનલ હાઈવે છે જયાં વાહનોની સતત અવર જવર ચાલુ હોય છે, ફરીયાદમાં ફરીયાદીએ એવુ લાખવેલુ છે કે, અકસ્માત કરનાર આઈસર પાછળથી બાઈકને ટકકર મારી ચાલ્યું ગયેલુ, ફરીયાદમાં ફરીયાદીએ આરોપીનુ કોઈ વર્ણન કે નામ – ઠામ જણાવેલ નથી, બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની કેટલી સ્પીડ હતી તે સ્પીડ દર્શાવા કોઈ પુરાવો રજુ રેલ નથી, બનાવ અંગેનું પંચનામુ કરયુ ત્યારે કોઈ આઈસર બનાવ સ્થળે મળી આવેલ નહી, બનાવ સ્થળેથી કોઈ બનાવ નજરે જોનાર સાહેદોના તથા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો તેઓએ આ કામે લીધેલ નથી.

(૯) ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમની કલમ–૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળનો ગુનો પુરવાર કરવા માટે મુખ્યત્વે ફરિયાદી સાહેદ નિસર્ગ સીનેશભાઈ શાહની જુબાની તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની ઉપર આધાર રાખેલ છે.

સૌપ્રથમ ફરિયાદી નિસર્ગ સીનેશભાઈ શાહની આંક–૦૬ની જુબાની જોવામાં આવે તો તેઓ બનાવના સમયે મરણ જનાર સલોનીબેન સાથે એક જ બાઈક ઉપર મુસાફરી કરતા હતા અને બાઈક તેઓ પોતે ચલાવતા હતા. તેમની સરતપાસમાં તેઓ જણાવે છે કે તેઓ બાઈક રોડની ડાબી બાજુ સામાન્ય ગતિએ ચલાવતા હતા અને કલ્યાણગઢના પાટીયા પાસે પાછળની બાજુથી આવેલ આઈશર ગાડીએ ડાબી બાજુ કાવો મારી તેમની બાઈકને

ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જોકે, તેમની ઉલટ તપાસમાં એક મહત્વની હકીકત બહાર આવે છે કે બનાવ સમયે તેઓ બેભાન થઈ ગયેલા હતા અને આશરે દસેક મિનિટ બાદ ભાનમાં આવ્યા હતા. તેઓ ભાનમાં આવ્યા ત્યારે જ આજુબાજુ લોકો ભેગા થયેલા હતા. તેથી અકસ્માતના ચોક્કસ સમયે આઈશર વાહન કઈ ગતિએ ચાલતું હતું, તેના ચાલકે કઈ રીતે કાવો માર્યો હતો અને અકસ્માત થવાનું ચોક્કસ કારણ શું હતું તે બાબતે તેમની વ્યક્તિગત નજરે જોયેલી સંપૂર્ણ અને નિશ્ચિત સાક્ષી હોવાનું માનવું મુશ્કેલ બને છે.

વધુમાં, ફરિયાદી પોતે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે આ રોડ છ માર્ગીય નેશનલ હાઈવે છે, જ્યાં વાહનોની સતત અવરજવર રહે છે. તેઓ ટ્રાફિકના નિયમોથી પરિચિત છે તથા હાઈવે ઉપર હેલ્મેટ પહેરવું ફરજિયાત હોવાનું જાણે છે, છતાં બનાવ સમયે તેમણે હેલ્મેટ પહેરેલું ન હતું. વધુમાં તેઓ સ્વીકારે છે કે પાછળથી આવતા વાહનની ઝડપ કેટલી હતી તેની તેમને ખબર પડી શકે તેમ નહોતું. તેઓ એ પણ સ્વીકારે છે કે તેમની ફરિયાદમાં આરોપીનું કોઈ નામ, સરનામું કે વર્ણન આપવામાં આવેલ નથી. આમ, ફરિયાદીની જુબાનીમાંથી આરોપીના ચોક્કસ અને ઓળખી શકાય તેવા ચાલક તરીકેના જોડાણ અંગે પણ પૂરતી નિશ્ચિતતા ઉપસ્થિત થતી નથી.

મરણ જનાર સલોનીબેન સાથે અકસ્માત સમયે રહેલા ફરિયાદી સિવાય કોઈ સ્વતંત્ર નજરે જોનાર સાહેદ ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી. આંક–૧૧ના સાહેદ શૈલેષભાઈ રજનીકાંત શાહ તથા આંક–૧૨ના સાહેદ રાજેશ્રીબેન શૈલેષભાઈ શાહની જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે બંનેને બનાવ અંગેની જાણ ટેલિફોન મારફતે થઈ હતી અને તેઓ બનાવસ્થળે હાજર નહોતા. તેઓએ અકસ્માત પોતાની આંખે જોયેલો નથી. બંને સાહેદોએ ઉલટ તપાસમાં સ્પષ્ટ સ્વીકાર્યું છે કે બનાવ અંગે તેમને કોઈ પ્રત્યક્ષ માહિતી નથી તથા અકસ્માત કોની બેદરકારીથી થયો તે અંગે પણ તેમને કોઈ જાણકારી નથી. તેથી તેમની જુબાની અકસ્માત કેવી રીતે થયો, આરોપીએ કઈ રીતે વાહન ચલાવ્યું અથવા આરોપીની બેદરકારી હતી કે નહીં તે બાબતે કોઈ મદદરૂપ પ્રત્યક્ષ પુરાવો પૂરો પાડતી નથી.

આંક–૧૫ના સાહેદ નીલેષભાઈ રજનીકાંત શાહની જુબાની પણ

ફરિયાદપક્ષને ખાસ મદદરૂપ થતી નથી. તેમને બનાવની જાણ ફોન દ્વારા થયેલી હતી. તેઓ બનાવસ્થળે હાજર નહોતા અને તેમણે આઈશર વાહન કે તેના ચાલકને જોયેલા નથી. તેઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે અકસ્માતમાં કયા વાહનની બેદરકારી હતી તે અંગે તેમને કોઈ માહિતી આપવામાં આવેલી નહોતી. તેથી તેઓ પ્રત્યક્ષદર્શી સાહેદ નથી. તેમને ફરિયાદપક્ષની હકીકતને સમર્થન ન આપતા હોવાના કારણે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા હોવા છતાં, તેમની જુબાનીમાંથી આરોપીની બેદરકારી અંગે કોઈ સ્વતંત્ર વિશ્વસનીય પુરાવો પ્રાપ્ત થતો નથી.

આંક–૧૬ના સાહેદ મનનભાઈ નીલેષભાઈ શાહની સ્થિતિ પણ સમાન છે. તેમણે પણ બનાવ પોતાની આંખે જોયેલો નથી. તેમને અકસ્માત અંગેની જાણ તેમના પિતાને આવેલ ફોન મારફતે થઈ હતી. તેમણે જણાવ્યું છે કે નિસર્ગે તેમને કહ્યું હતું કે આઈશર ગાડી આગળ જતી હતી અને તેના ચાલકે ડાબી બાજુ કાવો મારતાં અકસ્માત થયો હતો. પરંતુ આ હકીકત પોતે મનનભાઈની નજરે જોયેલી નથી, પરંતુ નિસર્ગ પાસેથી સાંભળેલી છે. તેથી આ ભાગ તેમની પ્રત્યક્ષ સાક્ષી બની શકતો નથી. વધુમાં, તેઓ પોતે આઈશરનો નંબર જાણતા નથી કે તેના ચાલકને ઓળખી શકે તેમ નથી. આમ, તેમની જુબાની આરોપીની ઓળખ તથા આરોપીની બેદરકારીના તત્વોને સ્વતંત્ર રીતે પુરવાર કરતી નથી.

હવે તપાસ કરનાર સાહેદ આંક–૨૯ દીનેશભાઈ ધીરૂભાઈ સોલંકીની જુબાની જોવામાં આવે તો તેઓ તપાસ દરમિયાન ફરિયાદ નોંધાઈ, પંચનામું કરવામાં આવ્યું અને સાહેદોના નિવેદનો લેવામાં આવ્યા હોવાનું જણાવે છે. પરંતુ તેમની ઉલટ તપાસમાં મહત્વપૂર્ણ ખામીઓ બહાર આવે છે. તેઓ સ્વીકારે છે કે બનાવસ્થળે નેશનલ હાઈવે હોવાથી વાહનોની સતત અવરજવર રહે છે. ફરિયાદમાં આરોપીનું કોઈ નામ, વર્ણન કે ઓળખ આપેલ નથી. અકસ્માત કરનાર આઈશર વાહનની કેટલી ઝડપ હતી તે દર્શાવતો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં, બનાવનું પંચનામું કરવામાં આવ્યું ત્યારે બનાવસ્થળેથી અકસ્માતમાં સંડોવાયેલ આઈશર વાહન મળ્યું નહોતું તથા કોઈ સ્પેરપાર્ટ, કાચનો ટુકડો, ટાયર માર્ક અથવા અન્ય કોઈ મહત્વપૂર્ણ ભૌતિક નિશાની મળી આવી નહોતી. તપાસ અધિકારી પોતે સ્વીકારે છે કે

કોઈ નજરે જોનાર સાહેદ કે સ્વતંત્ર સાહેદનું નિવેદન લેવામાં આવેલ નથી.

હાલના કેસમાં ફરિયાદી પોતે અકસ્માતની ચોક્કસ ક્ષણ અંગે સંપૂર્ણ નજરે જોનાર સાહેદ હોવાનું જણાતું નથી, કારણ કે અકસ્માત બાદ તેઓ બેભાન થયેલા હોવાનું જણાવે છે. અન્ય કોઈ નજરે જોનાર સાહેદ રજૂ થયેલ નથી. અન્ય પરિવારજનોની જુબાનીઓ સાંભળેલી હકીકતો ઉપર આધારિત છે. તપાસ અધિકારીની જુબાની પણ આરોપીની બેદરકારી અંગે કોઈ પ્રત્યક્ષ પુરાવો રજૂ કરતી નથી. ખાસ કરીને બનાવસ્થળેથી આઈશર વાહન મળી આવેલ નથી અને અકસ્માતની ગતિ, બ્રેકના નિશાન, ટક્કરનું ચોક્કસ સ્થાન, વાહનના નુકસાન તથા બાઈક સાથેના ભૌતિક પુરાવા દ્વારા આરોપીની ગફલત અથવા પુરઝડપ સાબિત થાય તેવી પૂરતી કડી રજૂ થયેલ નથી.

વધુમાં, ફરિયાદી પોતે સ્વીકારે છે કે તેઓ હેલ્મેટ પહેર્યા વગર બાઈક ચલાવતા હતા. આ હકીકતથી આરોપી નિર્દોષ સાબિત થતો નથી, પરંતુ ફરિયાદપક્ષે અકસ્માતનું ચોક્કસ કારણ તથા આરોપીની બેદરકારી નિશંક રીતે સાબિત કરવાની જવાબદારીમાંથી મુક્તિ પણ મળતી નથી. ફોજદારી કેસમાં આરોપીની બેદરકારી અંગે માત્ર સંભાવના અથવા શંકાના આધારે દોષિત ઠરાવી શકાય નહીં.

(૧૦) આમ, ઇપીકો કલમ ૨૭૯, ૩૦૪(અ) ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ હેઠળ ગુનાનો આક્ષેપ પુરવાર કરવા માટે સૌથી મુખ્ય તત્વ એ અકસ્માત કરનાર વાહન પુર ઝડપે બેફિકરાઈથી જન માણસ ની જાન જોખમમાં મુકાઈ તે રીતે જાહેર રોડ ઉપર ચાલતું હોય તે હકીકત પુરવાર કરવા માટે એક પણ સાહેદ પોતાની જુબાનીમાં કોઈ હકીકતે જણાવેલા નથી. આ વાહન કઈ રીતે આવતું હતું અને બેફિકરાયથી આવતું હતું કે કેમ આ અકસ્માતમા, અકસ્માત કરનાર વાહન ના ચાલક ની બેદરકારી કઈ રીતે છે તેવી કોઈ હકીકત તેઓએ પોતાની જુબાની માં જણાવેલ નથી. અકસ્માત થયાની હકીકત જણાવા માત્રથી અકસ્માત કરનાર વાહન દ્વારા બેફિકરાયથી પૂર ઝડપે અકસ્માત કરેલું હોય તેવી હકીકત પુરવાર થતી નથી. સૌથી મહત્વનુ તત્વ કે આ અકસ્માત કરનાર વાહન બનાવવાળા દિવસે બનાવવાની જગ્યાએ આ કામના આરોપી ચલાવતા હતા તે હકીકત

આ કામના સાહેદ તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની થી લેસ માત્ર ફલિત થતું નથી. આ અકસ્માત કરનાર વાહન બનાવવા વાળા દિવસે આ કામના આરોપી ચલાવતા હતા કે કેમ તે બાબતે શું તપાસ કરેલ અને કયા પુરાવા ના આધારે આ કામના તપાસ કરનાર અધિકારીએ આ તારણ ઉપર આવેલા કે આ કામના આરોપીએ આવો ગુનો કરેલ છે. તેવી કોઈ હકીકત કે વિગતો તપાસ કરનાર અધિકારી પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જેથી બીજુ મહત્વનું તત્વ ઉપરોક્ત સાહેદની જુબાનીથી પુરવાર થતું નથી, તેવા નિષ્કર્ષ ઉપર આ કોર્ટ આવેલ છે. વધુમાં આ રજુ પુરાવા પરથી અકસ્માત વાળો બનાવ આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે થયેલ હોવાનુ માની શકાય તેમ નથી.

(૧૦.૧) તેમજ જો એમ માની લેવામાં આવે કે, અકસ્માત કરનાર વાહન લઈ આરોપી ધ્વારા સદરહું અકસ્માત કરવામાં આવેલ છે. ત્યારે આ કામે ઈ.પી.કો.કલમ–૨૭૯ જોતાં,

**I.P.C. Section 279. Rash driving or riding on a public way.**

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so *rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person,* shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

સદરહુ કલમના તત્વો જોતાં તેમાં જણાવ્યા મુજબ પુરઝડપે અથવા ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક ડ્રાયવીંગ કરવામાં આવે તો તે આ કલમ મુજબ સજાને પાત્ર બનશે.

આ કામે નામદાર સર્વોર્વોચ્ચ અદાલતનું જજમેન્ટ જોતાં ધી સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતીષ (૧૯૯૮) એસ.સી.સી.૪૯૩ માં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા–૪ માં જણાવેલ છે કે,“4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of

the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or " negligence " could be drawn by invoking the maxim "res ipsa loquitur"."

ઉપરોકત જજમેન્ટમાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે, માત્ર પુરઝડપના આધારે આરોપીને ઈ.પી.કો.કલમ–૨૭૯ માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામના સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ મુજબની હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. આમ, જયારે ફરિયાદ પક્ષની હકીકતને સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે આ કામે સાહેદોની સોગંદ ઉપરની જુબાની જોતાં સદરહું અકસ્માતનો બનાવ આરોપી દ્વારા જ કરવામાં આવેલો હોય અને આરોપીની પુરઝડપે અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય આરોપીએ પોતાનું વાહન પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી ફરિયાદમાં જણાવેલ ઈજા કરેલ હોય કે સાહેદ મરણ ગયેલ હોય તેવું સાબિત કરી શકેલ ન હોય જેનો સીધો લાભ આરોપીપક્ષને મળવાપાત્ર છે, તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૧) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીને ગુનાના કામે સાંકળતો કોઈ

મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, તા. ૩૦/૧૧/૨૦૨૧ ના કલાક–૧૫/૦૦ વાગ્યે મોજે બાવળા–બગોદરા હાઇવે, કલ્યાણગઢ ગામના પાટીયા નજીક રોડ ઉપર, આ કામના આરોપીએ પોતાના કબજા હવાલા વાળું આઇસર નં.GJ–38–T–3775 નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડ ઉપર પોતાની આગળ જતા હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઇક નં.GJ–13–AC–7299 ની ઓવરટેક દરમ્યાન કાવુ મારી ટક્કર મારી એક્સીડેન્ટ કરી બાઇક પાછળ બેઠેલ સા.સલોનીબેન ડો/ઓ સિનેશભાઇ શાહ ઉ.વ.૨૩ રહે.૪, ભગવતી કૃપા શારદા સોસાયટી સામે. મોડેલા ઇન્ડસ્ટ્રીયલ જીંતાન રોડ સુરેન્દ્રનગર નાઓને શરીરે ગંભીર ઇજા કરી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા ફરી.ને શરીરે નાની મોટી ઇજા કરી પોતાનું આઇસર લઇ નાસી જઇ ગુનો ફરિયાદ થતા તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના અંતે હાલના કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૦૪(અ) ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના ગુનાનો આક્ષેપ કરેલ છે, જે હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત હકીકત જોતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ **"નકારમાં"** આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી **સબુરભાઈ શંભુભાઈ સોલંકી રહે. રાણેસર, ગામ નવાપરા, તા.બાવળા, જી.અમદાવાદ** નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૫ (૧) સાથે વંચાણે લેતાં ઈ.પી.કોડની કલમ– ૨૭૯, ૩૦૪(અ) ૩૩૭ તથા મોટર વાહન અધિનિયમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન જાતમુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂા. ૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૦૮ મી, માહે –ઓગસ્ટ, સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

બાવળા

તા ૦૮/૦૮/૨૦૨૬ **( વિશુ શક્તિદિપસિંહ ઝાલા )**

પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુ.મેજી.ફ.ક.બાવળા.
UIC No.GJ-01669